# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૧૫૮૫-૨

તારીખ : ૦૩ - ૦૩ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,
મે. પ્રભુકૃપા ઇન્ડસ્ટ્રીઝ
કોટન જીનીંગ અને પ્રેસિંગ ફેક્ટરી, સર્વે નં - ૬૬, કુવાડવા-વાંકાનેર રોડ, ,
મું. પો. : રામપરા (સુર્યા) , તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૩
મોબાઈલ : ૮૧૨૮૦૮૯૯૨૩, ૯૮૨૫૦૩૧૬૪૭

વિષય : ઓફ સીઝન પીરીયડમાં વસુલેલ ફીક્ષ ચાર્જ રીફંડ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૪-૦૧-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૬/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૬/ક્વા-૪/૨૧-૨૨/૧૧૯૫-૨ તા.૦૩/૦૩/૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૦૬/ક્વા-૪/૨૧-૨૨**

| | |
|---|---|
| **અરજદાર** | : મે. પ્રભુકૃપા ઇન્ડસ્ટ્રીઝ ગામ: રામપરા (સુર્યા) |
| **પેટાવિભાગીય કચેરી** | : કુવાડવા |
| **રજૂઆત કરનાર** | : અરજદાર હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| **સામાવાળા** | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી -રાજકોટ |
| **રજૂઆત કરનાર** | : શ્રી એમ.એ.ચાવડા નાયબ ઈજનેર(ટેક),પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી - રાજકોટ |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | -શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | -શ્રી આર.જી.ગોવાણી |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૨-૦૨-૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨-૦૨-૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની લેખિત રજુઆત તા.૨૪-૦૧-૨૦૨૨ માં જણાવે છે કે તેઓ ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૨૮૩૩૪ થી એચ.ટી. વીજજોડાણ ધરાવે છે. સદર જગ્યા પર તેઓ જીનીંગનો વ્યવસાય ચલાવે છે અરજદાર દ્વારા તા.૨૮.૦૪.૨૦૨૧ ના રોજ સીઝનલ ઓફ માટે અરજી કરેલ હતી, તેમ છતાં પી.જી.વી.સી.એલ. દ્વારા વીજ વપરાશના બીલમાં ફિક્સ ચાર્જ વસુલ કરવામાં આવેલ હોય સદર વસુલ કરાયેલ ફિક્સ ચાર્જ વીજબિલમાં જમા મેળવવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે તેઓના એચ.ટી. વીજગ્રાહક મે. પ્રભુકૃપા ઇન્ડસ્ટ્રીઝના નામથી ગ્રાહક નં.-૨૮૩૩૪ માં તા.૦૧.૦૫.૨૦૨૧ થી તા.૩૦.૦૯.૨૦૨૧ સુધી ૦૫ (પાંચ) માસ માટે સિઝનલ ઓફ આપવા અરજી મળેલ હતી. ગ્રાહકની અરજી અન્વયે સદર ગ્રાહકને મે-૨૦૨૧ ના બીલના ફિક્સ ચાર્જના રૂ.૨૦,૪૦૦/- અને તેના પરના વિદ્યુત શુલ્ક રૂ.૩૦૬૦/- જમા (એમ કુલ રૂ.૨૩૪૬૦/-) આપવાની કાર્યવાહી ફેબ્રુઆરી-૨૦૨૨ ના બીલમાં એડજસ્ટમેન્ટની રકમ આઇ.ડી.નં.૭૮૮૨૭ તા.૧૬.૦૨.૨૦૨૨ થી જમા આપેલ છે, જેથી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા - અરજદારને સદર બાબતે કોઈ ફરિયાદ રહેતી ન હોવાનું લેખિત સમાધાન પત્ર તા.૧૯-૦૨-૨૦૨૨ રજુ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર મે. પ્રભુકૃપા ઇન્ડસ્ટ્રીઝ ગ્રા.નં.-૨૮૩૩૪ થી ૧૬૦ કેવીએનુ એચ.ટી. વીજ જોડાણ, સર્વે નંબર -૬૬ / પી-૧,પી-૨, કુવાડવા-વાંકાનેર રોડ સૂર્યપરા ગામ ખાતે ધરાવે છે. સદર વીજજોડાણમાં સીઝનલ ટેરીફ તા.૦૧-૦૫-૨૦૨૧ થી તા.૩૦-૦૯-૨૦૨૧ માટે તા.૨૮-૦૪-૨૦૨૧ નાં રોજ વિભાગીય કચેરીને અરજી આપેલ તેમ છતાં વીજબીલ માહે મે-૨૦૨૧ માં રૂ.૨૦,૫૦૦/- ફીક્ષ ચાર્જ વસુલેલ છે તે જમા આપવા તા.૩૦-૦૯-૨૦૨૧ અને તા.૧૬-૧૨-૨૦૨૧ થી રજીસ્ટર ટપાલ મારફત સંલગ્ન વિભાગીય કચેરીને રજૂઆત કરેલ છે. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ.ની વિભાગીય કચેરીના પત્ર નં -૧૨૦૦૫ તા.૧૩-૧૨-૨૦૨૧ થી અરજદારને જણાવેલ તે મુજબ કંપનીના પ્રર્વતમાન નિયમ મુજબ રીફંડ મેળવવા માટેની અરજી માન્ય રાખી શકાય તેમ નથી. જેથી અરજદારે ન્યાય મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૯-૦૨-૨૦૨૨ થી અત્રે ના ફોરમ તેમજ અરજદારની કરાયેલ લેખિત રજૂઆત મુજબ સદર ગ્રાહકને માહે મે-૨૦૨૧ ના બીલના ફિક્સ ચાર્જના રૂ.૨૦,૪૦૦/- અને તેના પરના વિદ્યુત શુલ્ક રૂ.૩૦૬૦/-જમા (એમ કુલ રૂ.૨૩૪૬૦/-) આપવાની કાર્યવાહી ફેબ્રુઆરી-૨૦૨૨ ના બીલમાં કરેલ છે. જે અન્વયે અરજદારના સદર બીલનું નિરાકરણ થતા અરજદારની સહી વાળું સમાધાન પત્ર તા.૧૯-૦૨-૨૦૨૨ થી ફોરમ સમક્ષ રજુ કરેલ છે. આમ, સદર કેસમાં ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

૪.3 અરજદાર દ્વારા અગાઉ તેઓની લેખિત રજૂઆત તા.૩૦-૦૯-૨૦૨૧ તથા તા.૧૬-૧૨-૨૦૨૧ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૩-૧૨-૨૦૨૧ થી પ્રત્યુત્તર આપેલ છે તે મુજબ "...ફીક્ષ ચાર્જ રીફંડની અરજી... કંપનીના પ્રર્વતમાન નિયમ મુજબ અરજી માન્ય રાખી શકાય તેમ નથી અને રીફંડ આપી શકાય તેમ નથી." જે બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કંપનીના નિયમોના આધાર પુરાવા રજુ કરેલ નથી. ત્યારબાદ પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારની રીફંડ મેળવવા માટેની અરજી અન્વયે મે-૨૦૨૧ ના બીલમાં વસુલેલ ફીક્ષ ચાર્જની રકમ રીફંડ આપવાની કાર્યવાહી કરેલ છે જે બંને બાબતો વિરોધાભાસી જણાતી હોય, સદર બાબતે જવાબદાર કર્મચારી / અધિકારી સામે નિયમાધીન કાર્યવાહી કરવી.

વધુમાં અરજદારની સદર પ્રકારની રજૂઆત અન્વયે સંપૂર્ણ અભ્યાસ કરીને વિગતવાર નિયમો/ગાઈડલાઈન નો ઉલ્લેખ કરીને અરજદારને લેખિત પત્ર દ્વારા જાણકારી આપવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે જેથી સદર પ્રકારની તકરાર ભવિષ્યમાં ઉપસ્થિત ન થાય.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Joshi Nitin N.H.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(આર.જી.ગોવાણી)
સભ્ય (ટેકનીકલ)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન